


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-20 ■ તા. 08-05-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### શરૂઆતમાં આંધ્રપ્રદેશ-ઓડિશાના દરિયાકાંઠે પહોંચે તેવી સંભાવના

# આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડી પર ચક્રવાત પહોંચશે



નવીદિલ્હી,તા.૭

દેશના અનેક રાજ્યોમાં હવામાન બદલાઈ રહ્યું છે. આગામી ૨૪ કલાકમાં વાવાઝોડું બંગાળની ખાડી પર પહોંચી જશે. આ દરમિયાન કેટલાક રાજ્યોમાં ૪૫ થી ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જેથી અનેક સ્થળો પર ભારે વરસાદ ખાબકવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર વાવાઝોડું આંધ્રપ્રદેશ અને ઓડિશા પાસે ૧૦ મેના રોજ પહોંચી જશે. આ વાવાઝોડાનું નામ 'અસાની' રાખવામાં આવ્યું છે. આ ચક્રવાત વિશાખાપટ્ટનમ અને ભુવનેશ્વરથી ૧૦થી ૧૧ મે સુધી પહોંચશે. અસાની ચક્રવાતને લઈ હવામાન વિભાગ તરફથી ચેતવણી ઈશ્યૂ કરવામાં આવી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સ અંડમાન અને નિકોબારમાં ભારે વરસાદની સંભાવના છે. આ દરમિયાન બંગાળની ખાડીની આસપાસ ૪૫ થી ૬૫ કિ.મી.પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

આ સિવાય દરિયા કિનારે રહેતા નાગરિકોને પણ એલર્ટ કરાયા છે. તેમજ માછીમારોને ચેતવણી આપી છે કે આગામી ત્રણથી ચાર દિવસ દરિયામાં માછીમારી માટે ન જાય.

દક્ષિણ આંદામાન સમુદ્ર પરનું નીચા દબાણનું ક્ષેત્ર ચક્રવાતી તોફાનમાં વધુ તીવ્ર બને અને આવતા સપ્તાહની શરૂઆતમાઆંધ્રપ્રદેશ-ઓડિશાના દરિયાકાંઠે પહોંચે તેવી સંભાવના છે. અધિકારીઓએ આ માહિતી આપી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, હવામાન પ્રણાલી ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી શકે છે અને દક્ષિણ આંદામાન સમુદ્ર અને તેની નજીકના દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર દબાણ વિસ્તારમાં ફેરવાય તેવી શક્યતા છે. રવિવાર સાંજ સુધીમાં તે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ શકે છે. હવામાન કચેરીએ ચક્રવાતી વાવાઝોડાને જોતા આવતા સપ્તાહે પશ્ચિમ બંગાળના કેટલાક જિલ્લાઓમાં વાવાઝોડા અને ભારે વરસાદની ચેતવણી પણ આપી છે.

ઓડિશા સરકાર અનુસાર, હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને ફાયર સર્વિસીસને તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ ઉનાળામાં આ પ્રદેશે ચક્રવાતી તોફાનોનો અનુભવ કર્યો હતો. ઓડિશામાં ૨૦૨૧માં 'યાસ', ૨૦૨૦માં 'અમ્ફાન' અને ૨૦૧૯માં 'ફાની' હતી.

ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, લો પ્રેશર એરિયા ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને દક્ષિણપૂર્વ બંગાળની ખાડીમાં દબાણ વિસ્તારમાં ફેરવાઈ રહ્યું છે અને પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની શક્યતા છે. તે ૧૦ મે સુધીમાં દરિયાકાંઠે પહોંચી શકે છે. મહાપાત્રાએ કહ્યું, ''અમે હજુ સુધી આગાહી કરી નથી કે તે ક્યાં દસ્તક આપશે. અમે તેના નોક દરમિયાન પવનની સંભવિત ગતિનો પણ કોઈ ઉલ્લેખ કર્યો નથી.

ઓડિશાના વિશેષ રાહત કમિશનર પી.કે.જેનાએ કહ્યું હતું કે ''અમે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ),ઓડિશા ડિઝાસ્ટર રેપિડ રિસ્પોન્સ ફોર્સની ૧૭ ટીમો અને ફાયર વિભાગની ૧૭૫ ટીમોને બોલાવી છે,'' આ સિવાય એનડીઆરએફ સત્તાવાળાઓને કોઈપણ ઈમરજન્સી માટે ૧૦ વધુ ટીમો તૈયાર રાખવા વિનંતી કરવામાં આવી છે. જેનાએ કહ્યું કે ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડને દરિયામાં માછીમારોની હિલચાલ પર નજર રાખવા માટે સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

મહાપાત્રાએ કહ્યું, ''આઈએમડી ચક્રવાત, તેના પવનની ગતિ, પછાડવાની જગ્યા વિશે ૭ મેના રોજ દબાણ ક્ષેત્રની રચના પછી જ માહિતી આપી શકે છે. દરિયામાં ઉંચા મોજાને કારણે ૯મી મેથી માછીમારોએ ત્યાં ન જવું જોઈએ. અમારું અનુમાન છે કે ચક્રવાતી તોફાન દરમિયાન પવનની ઝડપ ૮૦-૯૦ કિમી પ્રતિ કલાકની રહેશે.ઓડિશા ઉપરાંત ચક્રવાતી તોફાન આસાનીની અસર પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, આંધ્ર પ્રદેશ, ઝારખંડ, ઉત્તર-પૂર્વના ઘણા રાજ્યોમાં જોવા મળી શકે છે આઈએમડીએ ઓડિશા માટે યલો એલર્ટ જાહેર કર્યું છે

ફાયર સર્વિસના મહાનિર્દેશક એસ કે ઉપાધ્યાયે જણાવ્યું કે ફાયર બ્રિગેડના કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. જેનાએ જણાવ્યું હતું કે જિલ્લા કલેક્ટરને એલર્ટ કરવામાં આવ્યા છે અને તમામ જરૂરી પગલાં લેવા જણાવ્યું છે.આ પહેલા ડિસેમ્બર ૨૦૨૧માં વાવાઝોડુ જાવડ ભારતમાં આવ્યું હતું. સાથે જ ચક્રવાત ગુલાબે સપ્ટેમ્બર ૨૦૨૧ માં દસ્તક આપી હતી, જ્યારે મે ૨૦૨૧ માં, ચક્રવાત યાસે બંગાળ, બિહાર સહિત ઘણા રાજ્યોમાં તબાહી મચાવી હતી.

# ગુજરાતના લોકોને ખબર છે ઠગ કોણ છે, ગુજરાતીઓને મફતનું ફાવતું નથી : સીઆર પાટીલ

સુરત,તા.૭

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીનો ગરમાવો થઈ રહ્યો છે. ચૂંટણીના માહોલ વચ્ચે રાજ્યની સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સીઆર પાટીલ દ્વારા આજથી 'વન ડે વન ડિસ્ટ્રીક્ટ' કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આજે સીઆર પાટીલે સુરતના કડોદરામાં પેજ સમિતિના કાર્યકરોને સંબોધ્યા હતા. આ સભામાં પાટીલ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. પાટીલે કહ્યું કે 'ગુજરાત મહેનતું લોકોનું રાજ્ય છે. અહીંયા ધોમધખતા તાપમાં પણ મારા આદિવાસી ભાઈ બહેનો મહેનત કરી લેય છે અને પોતાની જાતે રળે છે પરંતુ કોઈના પાસે હાથ લંબાવતા નથી. ગુજરાતના લોકોને મફતનું ફાવતું નથી. મફતના નામે વોટ



માંગનારો એ વ્યક્તિ ઠગ નહીં મહા ઠગ છે. પરંતુ ગુજરાતના લોકો જાણે છે કે કોણ ઠગ છે'

આજે સુરત જિલ્લાથી વન ડે વન ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમમાં સીઆર પાટીલે આગામી ચૂંટણીમાં ભાજપના સ્પષ્ટ વિજયની વાતને રજૂ કરતા ભાજપના કાર્યકરોને મુક્તમને પોતાના વિચારો રજૂ કરવા જણાવ્યું હતું. સીઆર પાટીલે આ કાર્યક્રમને ભાજપના કાર્યકરો અને સામાન્ય લોકો માટે સમર્પિત જણાવ્યો હતો.

સીઆર પાટીલે કહ્યું, કે જેવી રીતે ચોમાસું આવતા દેડકા ડ્રાઉ ડ્રાઉ કરતા આવી જાય છે એમ અમુક પાર્ટીના લોકો ચૂંટણી માટે દોડી આવે છે પરંતુ ગુજરાતમાં મફતના નામે વોટ મળવાના નથી. ગુજરાતના લોકો હાથ લંબાવે છે તો તો તે આપવા માટે લંબાવે છે લેવા માટે નહીં. ગુજરાતનો વ્યક્તિ બે ટાઈમ મહેનત કરીને ભોજન કરશે પરંતુ મફતનું લેવા હાથ નહીં લંબાવે. જે મળશે તેમાંથી પોતાનું પેટ ભરશે અને પોતાના બાળકને ખવડાવશે પરંતુ મફતનું નહીં લે. આ રાજ્યના આદિવાસી ભાઈ બહેન હશે કે મજૂર વર્ગ હશે પરંતુ તે પણ ઈચ્છે છે કે મજૂરી કરીને કામ કરીને મહેનત કરીને ખાશે અને પોતાના પરિવારને ખવરાવશે. તે પોતાના બાળકને આળસું થવા દેવા માંગતો નથી. એટલે જ તે પોતાના બાળકોને મહેનતના સંસ્કાર આપે છે.'

સીઆર પાટીલે કહ્યું, 'ગુજરાતની એક વિશિષ્ઠ સંસ્કૃતિ રહી છે. ગુજરાતીઓ આપવામાં માને છે. લેવામાં માનતા નથી. જોકે, અમુક પાર્ટીના લોકો મફતનું આપવાના નામે ગુજરાતની સંસ્કૃતિ પર આક્રમણ કરવા માંગે છે. પરંતુ ગુજરાત આ આક્રમણ સાંખી નહીં લે

પાટીલે ટાંક્યુ કે ' પોતાના યુવાનોને વગર ગેરેન્ટીએ લોન આપે એવો સમગ્ર વિશ્વમાં કોઈ એવો દેશ નથી , વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દેશના યુવાનોના જામીન બન્યા છે. વડાપ્રધાન મોદીએ બેક્રોને કહ્યું, આ દેશનો યુવાન પ્રામાણિક છે, એને લોન આપો એનો જામીન હું છું ,વ્યવસાય કરવા માંગતા યુવાનો માટે આ વ્યવસ્થા આખા વિશ્વમાં ક્યાંય નથી' પાટીલે કહ્યું, 'આ સુરત જિલ્લામાં આપણને એક માંડવીની સીટ ખટકે છે પરંતુ આ વખતે ભાજપનો કાર્યકર્તા તૈયાર છે અને આ માંડવી સીટ કોંગ્રેસના હાથમાંથી ગઈ. સુરત જિલ્લામાં આ વખતે કોંગ્રેસનું ખાતું પણ નહીં ખુલે અને આ મહાઠગની પાર્ટીની ડિપોઝીટ પણ ઝૂંટવાઈ જશે.

# અગરબત્તી સળગાવી, ગેસ સિલિન્ડરને હાર પહેરાવી કોંગ્રેસે મોદી સરકારને ઘેરી

નવીદિલ્હી,તા.૭

દેશની જનતા પર ફરી એકવાર મોંઘવારીનો માર વાગ્યો છે. ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતનમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. ૧૪.૨ કિલોના ઘરેલું એલપીજી સિલિન્ડરની કિંમતમાં આજથી ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ઘરેલું એલપીજી સિલિન્ડરની નવી કિંમત ૯૯૯.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થશે. આ મામલે કોંગ્રેસ પ્રવક્તે પવન ખેડાએ આજે પ્રેસ કોન્ફરન્સની કરીને સિલિન્ડરની વધતી કિંમતો પર પીએમ મોદી સહિત કેન્દ્ર પર આકરા પ્રહારો કર્યા હતા.

પ્રેસ કોન્ફરન્સ શરૂ કરતા પહેલા પવન ખેડાએ પોતાની આસપાસ સિલિન્ડર રાખ્યા હતા અને સિલિન્ડર પર હાર પહેરાવ્યો હતો. પવન ખેડાએ જણાવ્યું કે, ૩ દેશ ૨૦ ડ્રેસ અને ૬૦ ફેટોશૂટના ૬૫ કલાક પછી દેશના પ્રધાનમંત્રીએ તરત જ ઘરેલું સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે.

પવન ખેડાએ ઉમેર્યું કે, જનતાને અભિનંદન કે, કિંમત હજી ૧ હજાર નથી ૯૯૯.૫૦ રૂપિયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રેસ કોન્ફરન્સમાં અગરબત્તી અને લીંબુની જરૂરત હતી. લીંબુના ભાવ એટલા વધી ગયા છે કે બટાકા અને દૂધી પર અગરબત્તી મૂકી છે.

પવન ખેડાએ જણાવ્યું કે, મોદી સાહેબે પેટ્રોલ પંપ પર વિશાળ હોર્ડિંગ્સ લગાવીને જનતાને સબસિડી સરન્ડર કરવાનું કહ્યું હતું, પરંતુ હવે સ્થિતિ એવી ઊભી થઈ છે કે જનતાએ સિલિન્ડર સરેન્ડર કરી દે. પવન ખેડાએ કોંગ્રેસ સરકાર દરમિયાન ભાવોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, કોંગ્રેસ સરકારે ગરીબ, મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને સબસિડી આપી હતી.

વર્ષ ૨૦૧૨-૧૩માં કોંગ્રેસ સરકાર દ્વારા એલપીજી પર આપવામાં આવેલી સબસિડી ૩૯૫૫૮ કરોડ રૂપિયા હતી. ૨૦૧૩-૧૪માં ૪૬૪૫૮ કરોડની સબસિડી આપવામાં આવી હતી. મોદી સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે માર્ચથી અત્યાર સુધી અંડર રિકવરી અને સબસિડીના આંકડા જાહેર કરવામાં આવ્યા નથી. સરકાર ગરીબો, મધ્યમ વર્ગના લોકો પર સતત બોજ વધારી રહી છે.

પવન ખેડાએ જણાવ્યું કે, તેમની નીતિઓને કારણે ઘર ચલાવવું મુશ્કેલ થઈ ગયું છે, ઈએમઆઈ ચૂકવવી મુશ્કેલ થઈ ગઈ છે. શાકભાજી ખરીદવું પણ મુશ્કેલ બન્યું છે. દેશની જનતા પર આ કૃપા કરો અને રાહત આપો. તેણે ખુલ્લા શબ્દોમાં કહ્યું કે, તમને શરમ આવવી જોઈએ. તે જ સમયે, પવન ખેડાએ આ મુદ્દા પર સમાપ્ત કર્યું કે આ પ્રેસ કોન્ફરન્સ નથી પરંતુ સિલિન્ડરોની શ્રદ્ધાંજલિ સભા છે.

# ભારતીય સૈનિકે અમેરિકામાં ઈતિહાસ રચ્યો, ૩૦ વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,તા.૭

ભારતનો અમેરિકામાં ઈતિહાસઃ ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ ઈવેન્ટમાં રાષ્ટ્રીય રેકોર્ડ ધારક અવિનાશ સાબલે ૫૦૦૦ મીટર દોડમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. તેમણે ૧૩ઃ૨૫.૬૫ મિનિટમાં રેસ પૂરી કરીને બહાદુર પ્રસાદનો ૩૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો. બહાદુરે આ રેકોર્ડ વર્ષ ૧૯૯૨માં બનાવ્યો હતો. અમેરિકાના કેલિફોર્નિયામાં યોજાયેલી રેસમાં અવિનાશ ૧૨માં નંબરે રહ્યા હતા, પરંતુ આ દરમિયાન તેમણે નેશનલ રેકોર્ડ બનાવ્યો હતો. નોર્વેના જેકોબે ૧૩ મીટ ૨ સેકન્ડમાં રેસ પૂરી કરી અને સ્પર્ધા જીતી લીધી. તેમણે ટોક્યો ઓલિમ્પિકમાં ૧૫૦૦ મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

સૌથી ઓછા સમયમાં ૩૦૦૦ મીટર સ્ટીપલચેસ પૂર્ણ કરવાનો રેકોર્ડ અવિનાશ સાબલેના નામે છે. તેમણે ઘણી વખત પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. ટોક્યો ઓલિમ્પિકમાં અવિનાશ સાબલે ૮ઃ૧૮.૧૨ ના સમય સાથે રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો, પરંતુ ફાઈનલમાં પ્રવેશ કરવામાં નિષ્ફળ ગયો. આ સ્પર્ધામાં તે સાતમા ક્રમે રહ્યા હતા. આ પહેલા પણ ત્રણ હજાર મીટર સ્ટીપલ ચેઝનો રેકોર્ડ તેના નામે હતો. સેબલે માર્ચ ૨૦૨૧માં ફેડરેશન કપમાં ૮ઃ૨૦.૨૦ મિનિટમાં રેસ પૂરી કરીને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો. હારાષ્ટ્રના બીડ જિલ્લાનો રહેવાસી અવિનાશ સેનાના સૈનિક છે. ૨૭ વર્ષીય બહાદુર પ્રસાદનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો છે, જેમણે બર્મિંગહામમાં ૧૯૯૨ની ઈવેન્ટમાં ૧૩ઃ૨૯.૭૦ મિનિટમાં રેસ પૂરી કરી હતી. સેબલે ૩૦૦૦ મીટર સ્ટીપલચેસમાં પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ ઘણી વખત તોડ્યો છે. તિરુવનંતપુરમમાં ઈન્ડિયન ગ્રાન્ડ પ્રિક્સ દરમિયાન તેમણે ૮ઃ૧૬.૨૧ મિનિટમાં રેસ પૂરી કરીને સાતમી વખત પોતાનો જ રેકોર્ડ તોડ્યો. તે ૧૫ જુલાઈથી અમેરિકામાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય થઈ ચૂક્યો છે. ભારતીય એથ્લેટિક્સના મુખ્ય કોચ રાધાકૃષ્ણન નાયરે જણાવ્યું હતું કે તેઓ એશિયન ગેમ્સમાં અવિનાશને ૩૦૦૦ મીટર સ્ટીપલચેસ અને ૫૦૦૦ મીટર રેસ બંનેમાં મેદાનમાં ઉતારવાની યોજના બનાવી રહ્યા હતા. તે બંને ઈવેન્ટમાં મેડલ જીતવાની ક્ષમતા ધરાવે છે. એશિયન ગેમ્સ ૧૦ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ચીનના હાંગઝોઉમાં યોજાવાની હતી, પરંતુ કોરોનાના વધતા જતા કેસોને કારણે તેને ૨૦૨૩ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.

# મોંઘવારીનો વધુ એક ફટકોઃ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો




નવીદિલ્હી,તા.૭

આજે (શનિવારે) સામાન્ય જનતાને મોંઘવારીનો વધુ એક આંચકો લાગ્યો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરની વધેલી કિંમત આજથી દેશભરમાં લાગુ કરવામાં આવી છે. જણાવી દઈએ કે આ પહેલા ૨૨ માર્ચે ઘરેલુ એલપીજીની કિંમતમાં ૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ દિલ્હીમાં સબસિડીવાળા ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૯૪૯.૫૦ રૂપિયા પર પહોંચી ગઈ હતી. આજે કિંમતમાં વધારો કર્યા પછી, દિલ્હીમાં ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમત હવે ૯૯૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

પેટ્રોલિયમ ઉદ્યોગના પ્રારંભિક ડેટા અનુસાર, એપ્રિલમાં એલપીજીનો વપરાશ માસિક ધોરણે ૯.૧ ટકા ઘટીને ૨.૨ મિલિયન ટન થયો છે, જે એપ્રિલ ૨૦૨૧ની સરખામણીમાં ૫.૧ ટકાનો વધારો છે. માર્ચ પહેલા, ગયા વર્ષે ૬ ઓક્ટોબરે ઘરેલુ એલપીજીની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

### રાજસ્થાન ભાજપ-કોંગ્રેસ વચ્ચે રાજકીય લડાઈનું કેન્દ્ર

# ભારતીય જનતા પાર્ટી ૨૦ મેથી જયપુરમાં રાષ્ટ્રીય પદાધિકારીઓની બે દિવસીય બેઠક યોજશે

ઉદયપુર,તા.૭

રાજસ્થાન ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય લડાઈનું કેન્દ્ર બની રહ્યું છે. કોંગ્રેસ ૧૫ મેથી ઉદયપુરમાં ત્રણ દિવસીય ચિંતન શિવર (મંથન સત્ર)નું આયોજન કરવાની યોજના ધરાવે છે. તે જ સમયે, ભારતીય જનતા પાર્ટી ૨૦ મેથી જયપુરમાં રાષ્ટ્રીય પદાધિકારીઓની બે દિવસીય બેઠક યોજશે. રાજસ્થાન ભાજપ એકમને બેઠક માટે જયપુરમાં જગ્યા નક્કી કરવા માટે કહેવામાં આવ્યું છે.

તાજેતરના વર્ષોમાં આ પહેલીવાર છે જ્યારે ભાજપ વિપક્ષ શાસિત રાજ્યમાં આટલી મહત્વપૂર્ણ બેઠક યોજવા જઈ રહ્યું છે. આગામી બે વર્ષમાં જે છ રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે તેમાંથી બે રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસનું શાસન છે. જેના કારણે રાજસ્થાનમાં ભાજપની બેઠક મહત્વની છે. રાજ્યમાં ભાજપ રાજ્યના વિવિધ ભાગોમાં સાંપ્રદાયિક તણાવ અને શાસનની નિષ્ફળતાને લઈને અશોક ગેહલોતની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. પાર્ટી તેની જીતનો દોર જાળવી રાખવા માંગે છે જે ગુજરાત, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જેવા અન્ય નજીકના રાજ્યોની ચૂંટણીઓને પ્રભાવિત કરી શકે છે. આ પાર્ટી પદાધિકારીઓની બેઠક હોવાથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી દિલ્હીથી તેને સંબોધિત કરશે. ચૂંટણીમાં જઈ રહેલા પક્ષના રાજ્યોના પ્રભારીઓને પ્રોગ્રેસ રિપોર્ટ સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે અને આગળની કાર્યવાહી માટે વિગતવાર યોજનાની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. તાજેતરના અઠવાડિયામાં ભાજપના વરિષ્ઠ નેતાઓ નિયમિતપણે રાજસ્થાનની મુલાકાતે છે. બેઠક પહેલા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ૧૦ મેથી બે દિવસ માટે રાજ્યની મુલાકાત લેશે. દરમિયાન, ભાજપના મહાસચિવ અને રાજસ્થાનના પ્રભારી અરુણ સિંહ એક સપ્તાહ સુધી રાજ્યની મુલાકાત લેશે અને પાર્ટીની ચૂંટણી તૈયારી અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરશે.

# તંત્રી લેખ

## સુરક્ષાને પડકાર

હરિયાણાના કરનાલમાં ચાર શંકાસ્પદ ખાલિસ્તાની આતંકીઓની હથિયારો અને વિસ્ફોટકો સહિત ધરપકડ એ જ દર્શાવી રહી છે કે એવાં તત્ત્વોની સક્રિયતા ઓછી થવાનું નામ નથી લેતી. ધરપકડ કરાયેલા આતંકીઓ વિશે એ માનવામાં આવે છે કે તેઓ કોઈ મોટા હુમલાની વેતરણમાં હતા. તેમનો સંબંધ ન માત્ર પાકિસ્તાનમાં શરણ પામેલા એક ખાલિસ્તાની આતંકી સાથે હોવાનું કહેવાય છે, બલ્કે એ પણ રેખાંકિત કરવામાં આવે છે કે તેમની પાસેથી જે હથિયારો મળ્યા, તે ડ્રોન દ્વારા સીમા પારથી આવેલા હતા. તેનો મતલબ છે પાકિસ્તાન જમ્મુ-કાશ્મીર સાથે પંજાબમાં પણ આતંક અને અશાંતિ ફેલાવવાની કોશિશ કરી રહ્યું છે. વાસ્તવમાં એનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે સત્તા પરિવર્તન છતાં પાકિસ્તાનની ભારત પ્રત્યે કુટિલતાભરી નીતિમાં કોઈ બદલાવ આવવાનો નથી. તેની અવગણના ન કરી શકાય કે ગત દિવસે જમ્મુના સાંબા ક્ષેત્રમાં એક સુરંગ પણ મળી આવી. પાકિસ્તાન સાથે જોડાયેલા સીમાંત વિસ્તારોમાં આ પ્રકારની સુરંગો પહેલાં પણ મળી ચૂકી છે. અંદેશો છે કે સાંબામાં મળેલ સુરંગનો ઉપયોગ સીમા પારથી હથિયાર અને માદક પદાર્થો મોકલવા માટે કરાઈ રહ્યો હશે. બધા જાણે છે કે એક અરસાથી પંજાબ અને જમ્મુ-કાશ્મીરમાં આ કામ ડ્રોન દ્વારા પણ કરાઈ રહ્યું છે. એ જ રીતે સીમા પારથી આતંકીઓની ઘૂસણખોરીનો ખતરો પણ ઊભો જ છે.

એ ઠીક છે કે હાલના સમયમાં સીમા પર ચોકસાઈ વધારવામાં આવી છે પરંતુ ડ્રોન દ્વારા જે રીતે હથિયારો અને માદક પદાર્થોની ખેપ આવવાનો સિલસિલો ચાલુ જ છે, તે કોઈ શુભ સંકેત નથી. આ સિલસિલાને તોડવો જ પડશે, ભલે તેના માટે પાકિસ્તાન પ્રત્યે નવેસરથી આક્રમકતા દેખાડવી પડે. તેમાં શંકા છે કે પાકિસ્તાન પર દબાણ બનાવે અને તેને તેના કરતૂતોની સજા આપ્યા વગર, તે પોતાની હરકતો છોડવાનું નથી. ફક્ત પાકિસ્તાનથી અંતર રાખવું પર્યાપ્ત નથી. તેનાથી વધુ સતર્ક પણ રહેવું જોઈએ. તેને એ સંદેશ વારંવાર આપવો જોઈએ કે તે આતંકનું સહયોગી અને સમર્થક છે અને એના પર ભરોસો ન કરી શકાય. પાકિસ્તાનની હરકતો અને જમ્મુ-કાશ્મીરની સાથએ પંજાબમાં દેશવિરોધી તત્ત્વોની સક્રિયતા જોતાં આંતરિક સુરક્ષા તંત્રને વધુ સતર્ક કરવાની પણ જરૂર છે. એની સાથે જ ગુપ્તચર એજન્સીઓમાં વધુ તાલમેલ વધારવાની પણ જરૂર છે. એક એવા સમયે જ્યારે આંતરિક સુરક્ષા સમક્ષ ખતરો વધતો જાય છે, ત્યારે તેને લઈને એવી સંકીર્ણ રાજનીતિ બિલકુલ પણ ન થવી જોઈએ, જેવી પંજાબમાં સીમા સુરક્ષા દળના અધિકારોનો દાયરો વધારવા મુદ્દે કરવામાં આવી હતી. એવી જ ક્ષુદ્ર રાજનીતિ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ કરી રહ્યાં છે અને તેમણે બંગાળ પોલીસને સૂચના આપી છે કે તેઓ બીએસએફના અધિકારીઓને બંગાળની હદમાં ન ઘૂસવા દે. આવું ક્ષુદ્ર રાજકારણ એકંદરે દેશની આંતરિક સુરક્ષાને જ ખતરામાં મૂકે છે તે દરેક નેતાઓએ સમજી લેવું જોઈએ.

# એષા-ખુલ્લી કિતાબ -૭




આજે પણ રિવાને એ સાંજ યાદ છે. અણધાર્યા અતિથિ જેવી એષા ઢળતી સાંજે આવીને ઊભી રહી. પણ નવાઈની વાત એ હતી કે સાથે રોહિત પણ હતો. આણંદ પોતાની હોસ્પિટલ કર્યા પછી રોહિતને ભાગ્યે જ બહાર નીકળવાનો સમય રહેતો.

આમ પણ રોહિતને સામાજિક કે કૌટુંબિક પ્રસંગોમાં હાજરી આપવાનું અનુકૂળ નહોતું આવતું. અને હવે તો પોતાની હોસ્પિટલની

જવાદારી એટલી તો વધી ગઈ હતી કે નિકટના કે અગત્યના પ્રસંગ વગર તો રોહિતને ભાગ્યેજ અમદાવાદ આવવાનું થતું.

હા, રિવા અને કરણના કે એષાની નાની બહેન અને ભાઈના લગ્ન પ્રસંગે પણ રોહિતે આવશ્યક, સમય પૂરતી હાજરી આપી હતી.

એષાનો પરિવાર હજુ પણ સંયુક્ત હતો. એષાના મોટાઇ-મોટીબહેન કે કાકા-કાકી સૌની સ્નેહગાંઠ યથાવત હતી.

એક વડલાને જેમ શાખાઓ ફૂટે , એ શાખાઓ એકમેકમાં વીંટળાઈને અને વધુ ઘેઘૂર, વધુ મજબૂત બને એમ એષાના

પિતરાઈ ભાઈ-બહેનો વચ્ચે એકસૂત્રતા જળવાઈ રહી હતી.

પણ હવે જે ઘટના બની એનાથી તો વળી સોને પે સુહાગા જેવો ઘાટ ઘડાયો.

એષા અને રોહિતની વ્યસ્તતા જાણતાં એષાનાં કાકા-કાકી એક વાર આણંદ જઈ પહોંચ્યા. હોસ્પિટલમાં એષા અને રોહિત અતિ

વ્યસ્ત રહેતાં હતાં. 'શ્રી જી હોસ્પિટલની શાખ બંધાઈ રહી હતી. જનરલ સર્જન તરીકે રોહિતની ખ્યાતિ વધી રહી હતી.

આણંદ, વલ્લભ વિદ્યાનગર અને આણંદની આસપાસના નાના મોટા શહેરોમાંથી ' શ્રી જી હોસ્પિટલ' સુધી દર્દીઓ આવતા.

કાકા-કાકીને આનંદ થયો પણ જે બેચાર દિવસ બાબુકાકા અને સરોજકાકી આણંદ રહ્યાં ત્યારે એક વાત સમજાઈ કે આ એવો

પણ સમય હતો જે ઋચા અને ધ્રુમિલના ઉછેર માટે પણ એટલો જ મહત્વનો હતો. સાતથી દસ વર્ષની ઉંમરે જે ઘાટ ઘડાય એ તો

જીવનભરની મૂડી. આણંદ કે વલ્લભ વિદ્યાનગરમાં સારી સ્કૂલો હતી જ પણ ઋચા કે ધ્રુમિલના ભવિષ્ય માટે અમદાવાદ કે મુંબઈ

જેવું વાતાવરણ મળે એ વધુ જરૂરી હતું.

અને બસ, બાબુકાકા અને કાકી લઈ આવ્યા ઋચા અને ધ્રુમિલને અમદાવાદ. મોટાઇ-મોટીબહેન, કાકા-કાકીની હાજરીમાં

આ એમની ત્રીજી પેઢીનો ઉછેર શરૂ થયો.

વડીલોની વહાલભરી કાળજીમાં ધ્રુમિલ અને ઋચાનો વિકાસ વધતો જતો હતો, એવી રીતે એષા અને રોહિતના સંનિષ્ટ પ્રયાસોથી

હોસ્પિટલનું પણ નામ થતું જતું હતું.

એષાએ રોહિતને ખાલી સપ્તપદીના સાત ફેરામાં જ સાથ આપ્યો હતો એવું નહોતું પણ રોહિતની તમામ પ્રગતિમાં પણ પૂરો

સાથ આપ્યો હતો. એષાએ જ તો સઘળી જવાબદારી સંભાળી લીધી હતી. પેથોલોજી લેવાનો એષાનો નિર્ણય આજે કેટલો સાર્થક થયો

એ એષાથી વિશેષ રોહિતને સમજાતું હતું.

હોસ્પિટલમાં જ પેથોલોજી ડીપાર્ટમેન્ટ હોવાથી પેશન્ટોને પણ બહાર ક્યાંય જવાની જરુર રહેતી નહીં. આ દિવસોમાં એષા

ભરપૂર જીવન જીવી હતી. મનગમતી પ્રવૃતિ વચ્ચે દિવસો એના સાર્થક થતા જતા. સમયની પાંખે ઊડીને ધ્રુમિલ વધુ અભ્યાસાર્થે લંડન પહોંચી ગયો. ઋચા ગ્રેજ્યુએટ થઈને પાછી એષા પાસે આણંદ આવી ગઈ.

એષા જ્યારે પાછું વળીને ભૂતકાળ પર નજર કરતી ત્યારે એ સડસડાટ પસાર થઈ ગયેલા સમયનો સંતોષ, સાર્થકતા એના રાજીપામાં ડોકાતા. ધ્રુમિલ કે ઋચાનાં વર્તમાન કે ભાવિને લગતા નિર્ણયોમાં ક્યારેય એણે પોતાના મંતવ્યનો ભાર ઠાલવ્યો નહોતો. ધ્રુમિલને ક્યારેય એણે મેડિકલ લાઇન લઈને પોતાની

આ " શ્રી જી હોસ્પિટલ" નો ભાર ઉપાડી લેવા કહ્યુ સુધ્ધાં નહોતું. ધ્રુમિલને જે પસંદ આવ્યું તેમાં જ આગળ વધવાની અનુમતિ આપી હતી.

તો ઋચાને એના મનપસંદ જીવનસાથી જોડે જીવન જોડવાની પણ સંમતિ પણ પ્રેમથી આપી.

જે રીતે લગ્ન અંગે પોતાની ઉપર નિર્ણયો ઠલાવાયા હતા એ રીતે ફરી ક્યારેય છોકરાઓને એમાંથી પસાર થવું પડે નહીં

એનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો હતો. અને આમ પણ ઋચાની પસંદગીમાં ક્યાં કંઈ વિચારવા જેવું હતું? જાણીતો સુખી,

well educated,very well though –પરિવાર. કાર્તિક પણ સૌમ્ય અને સમજુ હતો.

જીવન એક સામાન્ય-સરળ પ્રવાહમાં વહી રહ્યું હતું. રોજનું કામ personal commitments અને બાકીનો સમય મનગમતી પ્રવૃતિઓમાં, દિવસો મઝાથી પસાર થઈ રહ્યા હતા.

પણ જ્યારે એકધારા પ્રવાહમાં અચાનક વળાંક આવે ત્યારે ફંટાઈ તો જવાય પરંતુ તેના ફાંટા કેવા કારમા હોય તેનો એહસાસ થાય,

તે પહેલા જ પરિસ્થિતિ હાથ બહાર જતી રહે એવા કંઈક અનુભવમાંથી સૌને પસાર થવાના દિવસો શરૂ થયા..

એ દિવસે સાંજે અણધારી એષાને રોહિત સાથે આવેલી જોઈને રિવા કેટલી ખુશ થઈ હતી! પણ રોહિતને જોઈને એનાં પેટમાં ફાળ પડી.

એષા કરતાં ઘણો ઉઘડતો વાન, સરસ મજાની હાઈટ અને સપ્રમાણ એકવડીયો ટટ્ટાર બાંધો, સદાયના શાંત સૌમ્ય ચહેરા પર જરાક

અમસ્તુ નાનું અકળ સ્મિત. સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈ સંત જેવી રોહિતની પર્સનાલિટી હતી.

પણ આજનો રોહિત! આજના રોહીતને જોઈને રિવા છળી ઊઠી. સહેજ નિસ્તેજ ચહેરો.માથા પરના પેલા આછા પણ કાળા વાળનું પણ નામ-નિશાન નહીં. અને સાવ નંખાઈ ગયેલા રોહિતનું આવું સ્વરુપ તદ્દન કલ્પનાની બહારનું હતુ અને એની સાથે

એષા પણ ચિંતાતુર લાગી. એની મૂળ નફિકરી પ્રકૃતિ તો ક્યાં ગુમ થઈ ગઈ હશે! કયા આફતની છાયા આ બંનેને ઘેરી વળી હશે

એની રિવાને સમજણ નહોતી પડતી. સાવ ડઘાઈને એ બંનેને જોઈ રહી.

લાંબા સમય પછી મળેલી એષાએ વચગાળાના એ દિવસોનો હિસાબ થોડી જ મિનિટોમાં એષાએ રિવા આગળ ધરી દીધો.

પળવારમાં પરિસ્થિતિની ગંભીરતા સ્પષ્ટપણે સમજાઈ ગઈ. અને એ પછીના બાકીના અડધા કલાકમાં તો રિવા અને કરણ એષા-રોહિત સાથે હિમેટોલોજીસ્ટ ડૉકટર સંદિપ શાહની ક્લિનિક પર હતા. સદનસીબે ડૉ સંદિપ સાથે રિવા-કરણને પારિવારિક સંબંધો હતા તેથી રોહિત માટે અપૉઈન્ટમેન્ટ તરત મળી ગઈ.

રોહિતથી વધુ લાંબો સમય બેસાય તેવી તેની ફીઝિકલ કંડીશન નહોતી એટલે ચેમ્બરમાં હાજર પેશન્ટની મુલાકાત પતાવવા સુધી ડૉ

# ભૂતપૂર્વ પતિ જોની ડેપે તેના પર જાતીય હુમલો કરવા ઉપરાંત તેને ધમકી આપી હતી : એમ્બર હર્ડનો ખુલાસો

મુંબઇ,તા.૭

હોલિવૂડ સ્ટાર્સ જોની ડેપ અને એમ્બર હર્ડ પોતાના કેસને કારણે દુનિયાભરમાં ચર્ચામાં આવી ગયા છે. જોની ડેપે તેની પૂર્વ પત્ની એમ્બર હર્ડ સામે ૫૦ મિલિયન ડોલરનો માનહાનિનો કેસ અને ગંભીર આરોપ લગાવ્યા છે. આ કેસની સુનાવણી ચાલી રહી છે અને જોની ડેપ અને તેના સાક્ષીઓના નિવેદનો નોંધ્યા બાદ હવે એમ્બર હર્ડ અને તેના તરફથી હાજર રહેલા સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવી રહ્યા છે. ગુરુવારે, જ્યારે અંબર નિવેદન આપવા માટે આવી ત્યારે તે પોતાની સાથે થયેલી જાતીય હિંસાની ઘટનાઓનું વર્ણન કરતી વખતે ખૂબ રડવા લાગી.

એમ્બર હર્ડે ખુલાસો કર્યો છે કે તેના ભૂતપૂર્વ પતિ જોની ડેપે તેના પર જાતીય હુમલો કરવા ઉપરાંત તેને ધમકી આપી હતી કે તે તૂટેલી બોટલથી તેનો ચહેરો બગાડી દેશે. એમ્બરના કહેવા પ્રમાણે આ ઘટના તેમના લગ્નના એક મહિના પછી જ બની હતી. બીજા દિવસે નિવેદન આપતાં અંબરે કોર્ટમાં તેની સાથે થયેલી હિંસાની ઘણી ઘટનાઓ જણાવી. આ ઘટનાઓ ઓસ્ટ્રેલિયામાં માર્ચ ૨૦૧૫માં બની હતી જ્યારે જોની ડેપ તેની પ્રખ્યાત સિરીઝ 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન'ની પાંચમી ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા.

એમ્બરે પોતાના નિવેદનમાં કહ્યું, જોની ડેપ મારી તરફ વાઈનની બોટલ ફેંકી હતી. સદનસીબે હું તેનાથી બચી ગઈ. જોની સતત મારી તરફ સોડા, બિયરની બોટલો ફેંકતો હતો. જોની મારા પર ચીસો પાડી રહ્યો હતો કે મેં તેનું જીવન બરબાદ કરી દીધું છે. રડતા રડતા એમ્બર હર્ટે જણાવ્યું કે જોનીએ પછી તેનું નાઈટગાઉન ફાડી નાખ્યું અને બોટલ વડે તેના પર જાતીય હુમલો કર્યો. અંબરે આ ભયાનક ઘટના વિશે આગળ કહ્યું, 'જોનીએ બોટલ મારા પ્રાઈવેટ પાર્ટ પર નાખી અને તેને વારંવાર ખરાબ રીતે ઘસવા લાગ્યો. તે મને મારી નાખવાની ધમકી આપતો હતો. હર્ડે કહ્યું કે તે કોઈક રીતે ભાગવામાં સફળ રહી. બીજા દિવસે સવારે જ્યારે તેણી તેના બેડરૂમમાંથી નીચે આવી ત્યારે તેણે જોનીને તેની લોહીવાળી આંગળી વડે દરેક જગ્યાએ અર્થહીન મેસેજ લખ્યો હતો. આ મેસેજ ઘરની દિવાલો, અરીસાઓ, લેમ્પશેડ્સ અને ફ્લોર પર લખવામાં આવ્યા હતા. એમ્બરે પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું કે તેને ખબર નથી કે જોની ડેપની આંગળી પર કેવી રીતે ઘા લાગ્યો.

એમ્બરે પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું કે જોની ડેપે પ્લેનમાં તેની સાથે દુર્વ્યવહાર પણ કર્યો હતો. તેણે જણાવ્યું કે જોનીએ આરોપ લગાવ્યો કે તેનું ફિલ્મ 'ધ ઈથેરન ડાયરીઝ'ના કો-સ્ટાર જેમ્સ ફ્રેક્રો સાથે અફેર હતું. ત્યારબાદ તેણે કથિત રીતે અંબરને થપ્પડ મારી અને પાછળથી લાત મારી. એમ્બરે કહ્યું, 'તે મારા જેમ્સ ફ્રેક્રોની સાથે કામ કરવાને લઈને ખૂબ ગુસ્સે હતો. તે જેમ્સને નફરત કરતો હતો અને મારા પર જેમ્સ સાથે અફેર હોવાનો આરોપ મૂક્યો હતો કારણ કે મેં જેમ્સ સાથે ફિલ્મમાં અગાઉ કામ કર્યું હતું. તેણે મને વેશ્યા કહી. તે સમયે પ્લેનમાં જોની ડેપની સિક્યોરિટી અને આસિસ્ટન્ટ હાજર હતા પરંતુ કોઈએ કંઈ કહ્યું નહીં. તે મારા માટે ખૂબ જ શરમજનક હતું.

જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૮માં એમ્બર હર્ડે અખબાર ધ વોશિંગ્ટન પોસ્ટમાં એક લેખ લખ્યો હતો. જોની ડેપનો આરોપ છે કે આ લેખમાં એમ્બરે તેની સામે ઘરેલુ હિંસા અને ડ્રગ્સના દુરુપયોગના પાયાવિહોણા આરોપો લગાવ્યા છે. આ આરોપોથી માત્ર તેમની છબી જ ખરાબ નથી થઈ પરંતુ તેમને ઘણી ફિલ્મોમાંથી બહાર પણ કરવામાં આવ્યા હતા. જોનીએ આ આરોપોને પગલે એમ્બર સામે ૫૦ મિલિયન ડોલરનો બદનક્ષીનો દાવો કર્યો છે. જવાબમાં એમ્બર હર્ડે પણ જોની ડેપ સામે ઘરેલુ હિંસા અને છબીની બદનક્ષી માટે ૧૦૦ મિલિયન ડોલરનો દાવો દાખલ કર્યો છે.

# નરેન્દ્ર મોદી મે મહિનાની મધ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવશે



ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ત્યારે હવે ફરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ નક્કી થયો છે. એપ્રિલ મહિનામાં ગુજરાતમાં મહાસભાઓ ગજવ્યા બાદ હવે મે મહિનામાં ગુજરાતની મુલાકાતે આવવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મે મહિનાની મધ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવશે. જેમાં દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના સંમેલનને પીએમ મોદી સંબોધન કરશે. અહીં ૪ લાખથી વધુ લોકોના સંમેલનનું આયોજન થઈ રહ્યું છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે પીએમ મોદી ૧૫ મે બાદ ગુજરાતમાં સભાઓ ગજવશે. પીએમ મોદી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવશે, ત્યારે તેમના આગમનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પીએમ મોદીના ગુજરાત પ્રવાસનું આયોજન થઈ રહ્યું છે, જેમાં દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના સંમેલનને પીએમ મોદી સંબોધન કરશે. આ સંમેલનમાં ૪ લાખથી વધુ લોકો ભેગા થશે. એટલું જ નહીં, રાજકોટમાં પણ પીએમ મોદી હોસ્પિટલના કાર્યક્રમમાં હાજરી આપશે. જેમાં ૨ લાખથી વધુ પાટીદારો આ કાર્યક્રમમાં જોડાશે.

# ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૮૦૫ નવા કેસ નોંધાયા, ૨૨ લોકોના મોત

,નવીદિલ્હી,તા.૭

ભારતમાં ફરી એકવાર કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩,૮૦૫ નવા લોકો આ વાયરસથી સંક્રમિત થયા છે. જોકે આ મામલો ગઈકાલ કરતાં ઓછો છે. ગઈકાલે એટલે કે ૬ મેના રોજ રિપોર્ટમાં ૩,૫૪૫ નવા કેસ નોંધાયા હતા. આ દરમિયાન ૨૭ દર્દીઓના મોત પણ થયા છે. આજના અહેવાલ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં આ ચેપને કારણે ૨૨ દર્દીઓના મોત થયા છે. તે જ સમયે આ ચેપથી ૩,૧૬૮ દર્દીઓ સાજા થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો હાલમાં દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૦,૩૦૩ થઈ ગઈ છે. આ કુલ ચેપના ૦.૦૫ ટકા છે.

દિલ્હીમાં પણ કોવિડના કેસમાં ઉછાળો આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૧૬૫૬ નવા કેસ સામે આવ્યા છે. જો કે, આ સમયગાળા દરમિયાન કોવિડ -૧૯ થી કોઈ દર્દીનું મૃત્યુ થયું નથી. આ સિવાય છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૦૬ લોકોએ કોરોનાને હરાવ્યો છે. રાજધાનીમાં સક્રિય કોરોના દર્દીઓની સંખ્યા હવે વધીને ૬૦૯૬ થઈ ગઈ છે. આ સિવાય હવે દિલ્હીમાં કોરોના સંક્રમણનો દર વધીને ૫.૩૯ ટકા થઈ ગયો છે. આજે, ૪ ફેબ્રુઆરી પછી, કોરોનાના સૌથી વધુ સક્રિય કેસ નોંધાયા છે.

# તેલંગાણા સાથે છળ કરવા અને ચોરી કરનારા સાથે કોંગ્રેસ ક્યારેય હાથ મિલાવશે નહીં

હૈદરાબાદ,તા.૭

શું રાહુલનો 'ડ્રગ ટેસ્ટ' એ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને ડ્રગ ટેસ્ટને લઈને સવાલ કર્યો છે. એવા સમાચાર મળી રહ્યા છે કે હૈદરાબાદમાં પોસ્ટર લગાવવામાં આવ્યા છે જેમાં કહેવામાં આવ્યું છે કે શું તેઓ 'વ્હાઈટ ચેલેન્જ' લેવા માટે તૈયાર છે. ખાસ વાત છે કે વ્હાઈટ ચેલેન્જ નામના અભિયાનની શરૂઆત કોંગ્રેસે જ કરી હતી. હાલમાં જ રાહુલ ગાંધીનો ઉસ્માનિયા યુનિવર્સિટીનો પ્રવાસ પણ સવાલોના ઘેરામાં આવી ગયો હતો. જોકે તેલંગાણા હાઈ કોર્ટ દ્વારા કાર્યક્રમની મંજૂરીના સંબંધમાં દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દેવામાં આવી છે. રિપોર્ટ્સ મુજબ હૈદરાબાદમાં ટીઆરએસના કાર્યકારી અધ્યક્ષ કેટી રામા રાવ પોસ્ટર લગાવવામાં આવ્યા છે. તેના દ્વારા




સવાલ કરવામાં આવ્યો છે કે, રાહુલ જી શું તમે વ્હાઈટ ચેલેન્જ માટે તૈયાર છો? સમાચાર સાથે પ્રકાશિત થયેલી તસવીરમાં નેપાળ પ્રવાસની તસવીર પણ લગાવવામાં આવી છે. હાલમાં જ એક વીડિયોમાં સામે આવ્યું હતું, જેમાં કોંગ્રેસના નેતા એક ક્લબમાં નજરે પડી રહ્યા હતા. આ ઘટના ત્યાંરે સામે આવી જ્યારે રાહુલ ગાંધીના કેટલાક વીડિયો અલગ અલગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહ્યા છે જેમાં તેઓ નેપાળમાં એક નાઈટક્લબ લોર્ડ ઓફ રિંગ્સમાં હતા, જ્યાં તેઓ પોતાના કોઈ મિત્રના લગ્નમાં સામેલ થવા ગયા હતા. રિપોર્ટ્સ મુજબ કોંગ્રેસના સાંસદ રેવંત રેડ્ડીએ સપ્ટેમ્બર ૨૦૨૧મા વ્હાઈટ ચેલેન્જની શરૂઆત કરી હતી. તેમણે આરોપ લગાવ્યા હતા કે હૈદરાબાદમાં ડ્રગ્સનો પ્રકોપ વધી રહ્યો છે. સાથે જ તેમણે રાજનેતાઓ અને એક્ટરોને પોતે જ ડ્રગ ટેસ્ટમાં સામેલ થવા માટે કહ્યું હતું. ખાસ વાત એ છે કે આ ટેસ્ટમાં સામેલ થનારી દરેક વ્યક્તિએ ચેલેન્જ સ્વીકાર્યા બાદ વધુ ૩ લોકોને નામિત કરી શકતી હતી. શુક્રવારે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ તેલંગાણા રાષ્ટ્ર સમિતિ સાથેના ગઠબંધનની સંભાવનાને નકારી દીધી હતી. તેમણે શુક્રવારે કહ્યું કે તેલંગાણા સાથે છળ કરવા અને ચોરી કરનારા સાથે કોંગ્રેસ ક્યારેય હાથ નહીં મળાવે. તેમણે તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ પર નિશાનો સાધતા એમ પણ કહ્યું કે પૃથક તેલંગાણા રાજ્ય બનાવવમાં જે સપનું જોવામાં આવ્યું હતું, તે પૂરું થયું નથી, પરંતુ છેલ્લા ૮ વર્ષમાં એક પરિવારને ફાયદો થયો છે. તેની સાથે જ રાહુલ ગાંધીએ જાહેરાત કરી હતી કે તેમની સરકાર બની તો ખેડૂતોના ૨ લાખ રૂપિયા સુધીનું દેવું માફ કરી દેવામાં આવશે.

# ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં મહિલાને અન્ય બ્લડ ગ્રુપનું લોહી ચડાવતા મોત, પરિવારે આક્ષેપ કર્યો

ભાવનગર,તા.૭

ગુજરાતમાં અવાર-નવાર હોસ્પિટલમાં ડોકટરો અને સ્ટાફની બેદરકારીની ઘટનાઓ સતત સામે આવતી રહે છે. ત્યારે આવામાં વધુ એક વખત હોસ્પિટલની બેદરકારી સામે આવી છે. ભાવનગર સિવિલ હોસ્પિટલની ગંભીર બેદરકારી સામે આવી છે જેમા એક મહિલાનું મોત થયું છે. ગારિયાધારના નાના વાવડી ગામેથી પ્રસૂતિ માટે આવેલી સગર્ભા મહિલાને ડિલિવરી બાદ ડોકટરો દ્વારા અન્ય ગ્રુપનું લોહી ચડાવી દેતાં મહિલાના મોતથી વિવાદ સર્જાયો છે. બીજી તરફ, મૃતક મહિલાના સગાએ ડોકટરો દ્વારા કોરા કાગળમાં સહી કરાવી લીધાનો પણ આક્ષેપ કર્યો છે.



આ અંગે મળતી માહિતી અનુસાર, ભાવનગર સિવિલ હોસ્પિટલમાં તારીખ ૨૮ના રોજ ગીતાબેન સોલંકી નામની મહિલાને દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર લઈ રહેલ મહિલાને અન્ય બ્લડ ગ્રુપનું લોહી ચડાવી દેતાં મોત નીપજ્યું હોવાનો ગંભીર આક્ષેપ પરિવારજનો કરી રહ્યા છે. મૃતકના પરિવારજનોએ પેનલ પી.એમ ની માંગ કરી છે.

આ ઉપરાંત જો યોગ્ય ન્યાય નહીં મળે તો લાશ સ્વીકારશે નહીં તેવું પણ પરિવારજનો કહી રહ્યા છે. તો બીજી તરફ બેદરકારી દાખવનાર ડોક્ટર પર એફઆઈઆર કરવામાં આવે તેવી માગ કરવામાં આવી રહી છે. આ ઘટનાને લઈને દલિત સમાજના લોકો એકઠા થઈ રહ્યા છે અને આ ઘટના અંગે યોગ્ય ન્યાયની માગ કરવામાં આવી છે. જો કે આ ઘટના અંગે તે વિભાગના એચઓડીએ સમગ્ર વાતનો ઈનકાર કરી દીધો છે.

મૃતકના ભાઈએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે દર્દીની સ્થિતિ ગંભીર છે એટલે જ્યાં સુધી આ કાગળમાં સહી નહીં કરો ત્યાં સુધી અમે દર્દીની નાડ પણ નહીં અડીશું, એવું કહી મારા બનેવીની કોરા કાગળમાં સહી લઈ લીધી હતી. આ મામલે મોડી રાત્રે સરટી હોસ્પિટલના ડીન બ્રહ્મભટ્ટ સાહેબે રૂબરૂ આવી પરિવારજનોને જવાબદાર સામે કાર્યવાહીની ખાતરી આપતા મૃતદેહ સ્વીકાર્યો હતો.